૨૦૧૮-૧૯(પ્લાન)
એચ.આર.ટી-૨ (નવી યોજના)

સંકલિત બાગાયત વિકાસ કાર્યક્રમો માટેની યોજના(પ્લાન) અંતર્ગત ફળરોપા ઉછેર કેન્દ્ર, ધ્રાંગધ્રા ખાતે રક્ષણાત્મક દિવાલ અંગેનો કાર્યક્રમ

કૃષિ અને સહકાર વિભાગ
ક્રમાંક.
- 8 OCT 2018
585910

ગુજરાત સરકાર
કૃષિ, ખેડુત કલ્યાણ અને સહકાર વિભાગ
ઠરાવ ક્રમાંક: બગત/૨૦૧૮/૭/ક-૮
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: 05 OCT 2018

**વંચાણે લીધા:**

(૧) બાગાયત નિયામકશ્રીની કચેરીનાં તા. ૦૨/૦૧/૨૦૧૮ પત્રક્રમાંક બગત/બ-૬/૩૧/૨૦૧૭-૧૮/૮૭-૮૮/૧૭

(૨) બાગાયત નિયામકશ્રીની કચેરીનાં તા. ૩૧/૦૧/૨૦૧૮ પત્રક્રમાંક બગત/બ-૬/૧૦૨૯-૩૦/૧૭

**આમુખ :-**

વર્ષ -૧૯૯૧થી બાગાયત ખાતું અલગ અસ્તિત્વમાં આવતા ખેતીવાડી ખાતા હસ્તકના ખેતીવાડી ફાર્મ ધ્રાંગધ્રાનો હવાલો તા. ૨૪.૦૯.૧૯૯૧ના રોજ બાગાયત ખાતા હસ્તક આવેલ છે. જે ફળ રોપાઉછેર કેંદ્ર તરીકે કાર્યરત છે. સદરહું કેંદ્રને આધુનિક નર્સરી તરીકે વિકસાવવા સબબનો હાઇ ટેક હોર્ટીકલ્ચર અંગેનો પ્રોજેક્ટ રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજના અંતર્ગત મંજુર થયેલ છે. પ્રસ્તાવિત પ્રોજેક્ટ હેઠળ, વિભાગ દ્વારા સમગ્ર ફાર્મને હાઇ ટેક આધુનિક નર્સરીમાં વિકસાવવી છે, જે સૌરાષ્ટ્રના ૧૨ જિલ્લાઓમાં ફળો અને શાકભાજીની ગુણવત્તાયુક્ત પ્લાન્ટીંગ મટીરીયલ્સની જરૂરિયાતને પૂર્ણ કરશે. જેમકે રોગ-જંતુ મુક્ત ઉચ્ચ ગુણવત્તાવાળા પ્લાન્ટીંગ મટીરીયલ્સનું ઉત્પાદન, સારા પ્રકાંડો/રુટ સ્ટોકનું નિદર્શન અને સ્કેનિંગ, તમામ પાક માટે જુદા જુદા સારા બાગાયત પ્રણાલીઓનું નિદર્શન , હાઇ ટેક નર્સરી/પ્રોડક્શન તકનીકોનું નિદર્શન અને ખેતરમાં આશરે ૩૦૦ વિવિધ જાતો/રુટ સ્ટોક નિદર્શિત કરવા , ફળોની પાકની રોપણી સામગ્રીનું ઉત્પાદન ૨.૫ લાખ/વર્ષ, વનસ્પતિ પાકની વાવેતર સામગ્રી ૩૦ લાખ/વર્ષનું ઉત્પાદન કરવામાં આવે છે. ફળ રોપા ઉછેર કેન્દ્ર ફરતે વન્ય પ્રાણીઓનો ખૂબ ત્રાસ હોઇ સબબ કેંદ્ર ફરતે રક્ષણાત્મક દિવાલની જરૂરીયાત છે, જેથી ફળરોપા ઉછેર કેન્દ્ર, ધ્રાંગધ્રા ના અધતન વિકાસની કામગીરી કરી શકાય.આથી બાગાયત નિયામકશ્રી દ્વારા ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ લિ. દ્વારા ઉક્ત નર્સરીમાં રક્ષણાત્મક દિવાલ બનાવવા બાબતે અંદાજીત રૂ. ૩૮૪.૦૦ લાખના અંદાજા સાથે રાજ્યની પ્લાન એચ.આર.ટી-૨ યોજનામાં ઉપરોક્ત સહાય ફળ રોપા ઉછેર કેન્દ્ર , ધ્રાંગધ્રાને મળે જેથી ઉક્ત નર્સરીમાં વન્ય પ્રાણીઓનો ત્રાસ દુર કરી શકાય તે માટે આ કાર્યક્રમમાં (નવી બાબત) સને ૨૦૧૮-૨૦૧૯માં રૂ.૯૯.૦૦ લાખની દરખાસ્ત બાગાયત નિયામકશ્રીએ ક્રમાંક વંચાણે લીધેલ (૧) મુજબનાં તા. ૦૨/૦૧/૨૦૧૮ તથા વંચાણે લીધા ક્રમાંક(૨) મુજબનાં તા. ૩૧/૦૧/૨૦૧૮નાં પત્રથી કરેલ છે.

**ઠરાવ**

બાગાયત નિયામકશ્રીની ઉક્ત દરખાસ્ત અન્વયે સરકારશ્રીએ કાળજીપૂર્વકની વિચારણાના અંતે એચ.આર.ટી-૨ યોજના સંકલિત બાગાયત વિકાસ કાર્યક્રમો માટેની યોજના(પ્લાન) અંતર્ગત ફળરોપા ઉછેર કેન્દ્ર, ધ્રાંગધ્રા ખાતે રક્ષણાત્મક દિવાલ અંગેના કાર્યક્રમ માટે વર્ષ ૨૦૧૮-૧૯ના અંદાજપત્રમાં રૂ. ૯૯.૦૦ લાખની નવી સેવા હેઠળ નીચેની શરતોને આધિન ખર્ચ કરવાની વહીવટી મંજુરી આપવાનું આથી ઠરાવવામાં આવે છે.

શરતો.

૧. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

૨. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

૩. આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

૪. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિંધ્ધાતોનો અમલ કરવાનો રહેશે.

૫. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

૬. યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે

૭. પ્રસ્તુત કામે ટેન્ડર પ્રોસેસીંગ બાબતમાં ઉધોગ અને ખાણ વિભાગના ઠરાવક્ર.એસપીઓ-૧૦૨૦૦૫-૧૪૦૭-ચ, તા.૨૨/૧૧/૨૦૦૬ અન્વયે ''ઈ'' ટેન્ડરીંગ બાબતમાં કરવામાં આવેલ જોગવાઈઓ સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૮. આ મંજૂરી અન્વયે જો કોઈ પણ વસ્તુની ખરીદી કરવાની હોય તો તે સરકારશ્રીના પ્રવર્તમાન ધારાધોરણો અને નિયમોનુસાર કરવાની રહેશે

૯. બાંધકામના કામોમાં P.W.D. મેન્યુઅલની જોગવાઈઓનું પાલન કરવાનું રહેશે.

૧૦. સૂચિત કામો પૈકી જે કામો MNREGA હેઠળ આવરી લેવાય તેમ હોય તેવા કામોનો ખર્ચ MNREGA યોજના હેઠળ ઉધારવામાં આવે તે અંગેની વિભાગે તકેદારી રાખવાની રહેશે.

૧૧. આ કામની ડિઝાઈન તૈયાર કરતી વખતે અને યોજનાનાં અમલીકરણમાં સુરક્ષા અંગેના ધોરણો અને ગુજરાત સ્ટેટ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એજન્સીની માર્ગદર્શક સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૧૨. મંજૂર થયેલ અંદાજોમાં કોઈ ફેરફાર થાય તો તે અંગેની સુધારેલી વહીવટી મંજૂરી સમયસર મેળવી લેવાની રહેશે.

૧૩. બાંધકામ અંગેની કામગીરી સંદર્ભે સરકારશ્રીની મંજૂરીથી જો કોઈ અલાયદા એકમને બાંધકામની જવાબદારી સોંપવામાં આવી હોય તે સિવાયના બાંધકામના તમામ કિસ્સાઓમાં રાજ્ય સરકારના માર્ગ અને મકાન વિભાગ મારફત જ કામગીરી કરાવવાની રહેશે.

આ યોજના હેઠળનો ખર્ચ નીચે દર્શાવેલ બજેટ સદર હેઠળ ઉધારવાનો રહેશે.

(૫) ગુજરાતમાં સંકલિત બાગાયત વિકાસ કાર્યક્રમો માટેની યોજના (પ્લાન) બાગાયત એચ.આર.ટી-૨

| | |
|---|---|
| **માંગણી નંબર** | **: ૨** |
| **સેક્ટર** | **: ગ- આર્થિક સેવાઓ** |
| **પેટા સેક્ટર:ક-** | **: કૃષિ અને સંલગ્ન પ્રવૃતિઓ** |
| **મુખ્ય સદર** | **: ૨૪૦૧- પાક કૃષિ વ્યવસ્થા** |
| **ગૌણ સદર** | **: ૧૧૯ બાગાયત અને શાકભાજીના પાકો** |
| **પેટા સદર** | **: (૦૧) એચ.આર.ટી-૨ ફળરોપા ઉછેર કેન્દ્રો** |

(૬) આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર સચિવશ્રી (ખર્ચ) નાણા વિભાગ તા.૨૦/૦૯/૨૦૧૮ તથા અધિક મુખ્ય સચિવશ્રી (કૃષિ) ની તા.૨૫/૦૯/૨૦૧૮ ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

**ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,**

**(ભરત પટેલ)**
સેકશન અધિકારી

કૃષિ, ખેડુત કલ્યાણ અને સહકાર વિભાગ

પ્રતિ:

(૧) બાગાયત નિયામકશ્રી, કૃષિ ભવન, સેકટર ૧૦-એ, ગાંધીનગર

(૨) ખેતી નિયામકશ્રી, કૃષિ ભવન, સેકટર ૧૦-એ, ગાંધીનગર

(૩) સંયુકત બાગાયત નિયામકશ્રી, (વિભાગીય કક્ષા) વડોદરા /રાજકોટ

(૪) એકાઉન્ટ જનરલશ્રી, અમદાવાદ / રાજકોટ

(૫) સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ,

(૬) પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/ અમદાવાદ

(૭) કૃષિ ખેડુત કલ્યાણ અને સહકાર વિભાગની નાણાં શાખા, બજેટ શાખા, આયોજન શાખા, આઈ ટી શાખા, સચિવાલય, ગાંધીનગર

(૮) નાયબ સેકશન અધિકારી- સીલેક્ટ ફાઈલ

(૯) શાખા સીલેક્ટ ફાઈલ